(૪૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. લેસિયા **સંઘાઈયા સંઘટ્ટિયા પરિયાવિયા કિલામિયા** ઉદ્દવિયા

૨. આયાહિણં **પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ** સમ્માણેમિ

૩. આયરિયાણં **નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વ સાહૂણં** એસો

૪. ઠામિ **કાઉસ્સગ્ગં અન્નત્થ ઉસસિએણં નીસસિએણં ખાસિએણં** છીએણં

૫. ઉત્તિંગ **પણગ દગ મટ્ટિ મક્કડા** સંતાણા

૬. ભગવંતાણં **નમોક્કારેણં ન પારેમિ તાવ કાયં** ઠાણેણં

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. દગ | **સચેત પાણી** | ૨. મોણેણં | **વચન દ્વારા મૌન રહીને** |
| ૩. ભમલીએ | **ચક્કર આવવાથી** | ૪. સવ્વ પાવપ્પણાસણો | **સર્વ પાપોનો નાશ કરનાર છે** |
| ૫. મંગલં | **આપ મંગલરૂપ છો** | ૬. કિલામિયા | **કિલામના–ગ્લાનિ ઉત્પન્ન કરી હોય** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ત્યાં સુધી | **તાવ** | ૨. વંદન કરું છું | **વંદામિ** |
| ૩. સર્વ મંગલોમાં | **મંગલાણં ચ સવ્વેસિં** | ૪. સામા આવતા હણ્યા હોય | **અભિહયા** |
| ૫. પાપકર્મોનો | **પાવાણં કમ્માણં** | ૬. કરું છું | **ઠામિ** |
| ૭. રાખ્યા હોય | **સંકામિયા** | | |

**(ઈ) નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. (૧૦)**

૧. નમસ્કાર મહામંત્ર શા માટે ગુણવાચક છે?

**જ. જ્ઞાતિ અથવા સંપ્રદાયના ભેદ વગર આત્મવિકાસની યાત્રામાં આત્માએ પ્રાપ્ત કરેલા ગુણોને નમસ્કાર છે.**

૨. આપણું જીવન કેવું હોવું જોઈએ?

**જ. આપણું જીવન કોઈને પીડા ન થાય તેવું હોવું જોઈએ.**

૩. તસ્સ ઉત્તરીનું સૂત્ર શા માટે છે?

**જ. કાયોત્સર્ગની સાધના શરૂ કરતા પહેલાની પૂર્વ તૈયારી રૂપે આ સૂત્ર છે.**

૪. આપણે કેવો વ્યવહાર કરવો ન જોઈએ?

**જ. બે વ્યક્તિ વચ્ચે ક્લેશ–કંકાસ થાય તેવો વ્યવહાર કરવો ન જોઈએ.**

૫. આપણી શક્તિનો વિકાસ કેવી રીતે થાય છે?

**જ. કપાળની મધ્યમાં રહેલ આજ્ઞા ચક્ર જમીનને સ્પર્શે છે, તેથી આજ્ઞા ચક્ર એક્ટીવ અને બેલેન્સ થાય છે.**

૬. ગાડી ચલાવતા પહેલા શું કરવું જોઈએ?

**જ. ગાડી ચલાવતા પહેલા બરાબર ચેક કરવું જોઈએ કે કોઈ જીવની વિરાધના તો થતી નથી ને?**

૭. સત્કાર એટલે શું?

**જ. ભાવપૂર્વક ગુરુવરનું સ્વાગત કરવું. પધારો પધારો જેવા શબ્દો બોલીને આવકારવા તે સત્કાર છે.**

૮. મન શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે થાય છે?

**જ. મન પર કંટ્રોલ કરવાથી મન શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે.**

૯. ભિખારીને તિરસ્કારપૂર્વક કાઢવાથી ક્યો દોષ લાગે છે? તે ક્યા પાઠમાં આવે છે?

**જ. ભિખારીને તિરસ્કારપૂર્વક કાઢવાથી અભિહયાનો દોષ લાગે છે. તે ઈરિયાવહિયાના પાઠમાં આવે છે.**

૧૦. લયબદ્ધ રીતે મંત્રોના ઉચ્ચારણ માટે વિજ્ઞાન શું કહે છે?

**જ. ઉચ્ચારેલા શબ્દોના તરંગો લીવીંગ અને નોન લીવીંગ બંનેને અસર કરે છે અને અશુભ તત્ત્વનો નાશ થાય છે.**

**(ઉ) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. નમસ્કાર સૂત્ર કેવો મંત્ર છે? | **વૈશ્વિક મંત્ર** |
| ૨. વંદના કરવાથી કરોડરજ્જુ કેવી બને છે? | **ફ્લેક્સીબલ** |
| ૩. શું કરવાથી મન શાંત થાય છે? | **કાયોત્સર્ગ** |
| ૪. ઈરિયાવહિયા સૂત્રનું બીજું નામ શું છે? | **આલોચના** |
| ૫. આત્માની વિશુદ્ધિ કયા સૂત્રથી થાય છે? | **તસ્સ ઉત્તરી** |
| ૬. સિદ્ધક્ષેત્રમાં કોણ બિરાજે છે? | **સિદ્ધ ભગવાન** |
| ૭. કાયોત્સર્ગ દ્વારા શું થાય છે? | **કર્મનિર્જરા** |
| ૮. ધનેડાંને કેટલી ઈન્દ્રિય હોય? | **ત્રણ** |
| ૯. કોની આંગળી પકડવાની છે? | **ગુરુવર** |
| ૧૦. પંચ પરમેષ્ઠિમાં કેટલા પદનો સમાવેશ થાય છે? | **પાંચ** |

**[૨૦]**

**પ્ર.૨ (અ) સામાન્ય સમજણના આધારે મને ઓળખો.** **(૧૨)**

| | જવાબ |
|---|---|
| ૧. હું ૨૧ મા તીર્થંકર છું. | **નમિનાથ ભગવાન** |
| ૨. કર્મમાં મારો નંબર ચોથો છે. | **મોહનીય કર્મ** |
| ૩. મારાથી દર્શનની વિશુદ્ધિ થાય છે. | **ચતુર્વિંશતિ સ્તવન** |
| ૪. હું જીવને જગ્યા આપું છું. | **આકાશાસ્તિકાય** |
| ૫. સતીમાં મારો નંબર ૧૧ મો છે. | **શિવાદેવી** |
| ૬. તીર્થંકર પછીનું શ્રેષ્ઠ પદ મારું છે. | **ગણધર** |
| ૭. વીજળીનો સમાવેશ મારી કાયમાં થાય છે. | **તેઉકાય** |
| ૮. મારા રજોહરણ પર કપડું બાંધવામાં આવે છે? | **સાધુ** |
| ૯. હું વિવિધ રૂપ ધારણ કરું છું. | **નામ કર્મ** |
| ૧૦. હું જીવદયાની રક્ષા માટે કામમાં આવું છું. | **આસન** |
| ૧૧. ભગવાન મહાવીરના ૧૧ ગણધરમાં મારો નંબર નવમો છે. | **અચલભ્રાતા** |
| ૧૨. આ કાળમાં સૌ પ્રથમ મેં શાસનની સ્થાપના કરી? | **ઋષભદેવ ભગવાન** |

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. સતી કોને કહે છે? ભગવાન ઋષભદેવની દીકરીનું નામ લખો.

**જ. શીલ જેનું આભૂષણ છે. શીલવંતી સ્ત્રી. જે સ્ત્રીઓએ પોતાની ખુમારીથી અનેક કષ્ટો સહન કરી પોતાના શીલ, ચારિત્રની રક્ષા કરી હોય, તેવી સ્ત્રીઓને સતી કહે છે. બ્રાહ્મી, સુંદરી.**

૨. ગણધરો શા માટે આપણા અનંત ઉપકારી છે? સર્વથા સત્ય ધર્મ કોણ બતાવે છે? શા માટે?

**જ. પરમાત્માની પરમ કલ્યાણી વાણી ગણધરોના માધ્યમથી આપણા સુધી પહોંચે છે, માટે ગણધરો આપણા અનંત ઉપકારી છે. સર્વથા સત્ય ધર્મ તીર્થંકરો બતાવે છે કારણ કે તેઓ સંપૂર્ણ જ્ઞાનના ધારક છે.**

૩. વેદનીય કર્મ શું કરે છે? શક્તિ પ્રગટ ન થવા દેનારું કર્મ કયું છે? વનસ્પતિકાય એટલે શું? દ્રવ્ય ક્યાં છે?

**જ. વેદનીય કર્મ ભૌતિક સુખ-દુઃખનો અનુભવ કરાવે છે. શક્તિ પ્રગટ ન થવા દેનારું અંતરાય કર્મ છે. વનસ્પતિકાય એટલે ઝાડ-પાન. દ્રવ્ય ૧૪ રાજલોકમાં હોય છે.**

૪. અણમોલ ઉપકરણ કયું છે? તેનાથી શું લાભ થાય છે?

**જ. અણમોલ ઉપકરા મુહપત્તિ છે. મુહપત્તિ પહેરવાથી ૧) વાયુકાયના અને બીજા સૂક્ષ્મ જીવોની રક્ષા થાય છે ૨) સૂક્ષ્મ જીવોની રક્ષાના ભાવ સાથે આપણામાં પણ કરુણાના ગુણ પ્રગટ થાય છે. ૩) પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે.**

(૧૫)

**પ્ર.૩ (અ) સંસ્કારના વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જય જિનેન્દ્ર કહેવાથી શું શુદ્ધ થાય છે? કેવા બનાય છે? શું વધે છે?

**જ. જય જિનેન્દ્ર કહેવાથી ઓરા અને વિચારો શુદ્ધ થાય છે. નિડર અને નિર્ભય બનાય છે. વીલ પાવર અને મેમરી પાવર વધે છે. આપણા તીર્થંકર પરમાત્મા પ્રતિ શ્રદ્ધા–ભક્તિભાવ વધે છે.**

૨. આહારના પ્રકાર કેટલા? કયા કયા? આહાર ક્યારે લેવો જોઈએ? શા માટે?

**જ. આહારના પ્રકાર ત્રણ. ઓજ આહાર, રોમ આહાર, કવલ આહાર. જ્યારે ભૂખ લાગી હોય ત્યારે આહાર કરવો જોઈએ કારણ કે ભૂખ લાગ્યા વગર ભોજન કરવાથી તે પચતું નથી અને રોગનું કારણ બને છે.**

૩. ધર્મના ઉપકારથી મુક્ત થવા શું કરવું? જેના માથે ગુરુ હોય તેનું શું થાય?

**જ. ધર્મના ઉપકારથી મુક્ત થવા અન્યને ધર્મની પ્રેરણા આપી ધર્મભાવ જગાડવા શાસનની પ્રભાવના કરવી. જેના માથે ગુરુ હોય તેના જ્ઞાનમાં ક્યારેય સડો ન હોય, તે જ્ઞાની બને, તપસ્વી બને, ચારિત્રવાન બને છતાં અહંકારી ન બને. તેને પોતાની દરેક સફળતામાં ગુરુની જ કૃપા અનુભવાય.**

૪. વિનયી વ્યક્તિના દરેક કાર્યમાં શું છલકે છે? શા માટે?

**જ. વિનયી વ્યક્તિના દરેક કાર્યમાં સાહજિક રીતે, સહજતાથી વિનય છલકે છે કારણ કે વિનયી વ્યક્તિને દેવ, ગુરુ, ધર્મ, વિદ્વાનો, શાસ્ત્રો, કળા, જ્ઞાન પ્રત્યે અંદરથી જ અત્યંત બહુમાન, અહોભાવ, રીસપેક્ટ, પ્રીતિ હોય છે**

૫. બીજે દિવસે કઈ વસ્તુ ન ખવાય? શા માટે? ઉત્તમ વિનય કયો છે?

**જ. જેમાં પાણીનો ભાગ હોય તેવી વસ્તુ બીજે દિવસે ન ખવાય કારણ કે તે વસ્તુ બગડી જાય અથવા તેમાં ફૂગ થઈ જાય માટે. દેવાધિદેવ–તીર્થંકર પરમાત્મા અને ગુરુની આજ્ઞાનું પાલન કરવું, તેઓની સાથે અત્યંત નમ્રતાપૂર્વક વ્યવહાર કરવો તે ઉત્તમ વિનય છે.**

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. જીવ ક્ષુધા વેદનીયને શાંત કરવા આહાર કરે છે.

**જ. સાચું.**

૨. રાજાબાઈ ટાવરનું નિર્માણ ૧૮૭૮ માં થયું.

**જ. ખોટું. રાજાબાઈ ટાવરનું નિર્માણ ૧૮૭૯ માં થયું.**

૩. જય–જિનેન્દ્ર બોલવાથી અહંકાર વધે છે.

**જ. ખોટું. જય–જિનેન્દ્ર બોલવાથી અહંકાર દૂર થાય છે અથવા નમ્રતા/સરળતા આવે છે.**

૪. વિનય ધર્મનું મૂળ છે.

**જ. સાચું.**

૫. ગુરુ શિષ્યના પથદર્શક બની આત્માના માર્ગે લઈ જાય છે.

**જ. ખોટું. ગુરુ શિષ્યના પથદર્શક બની પરમાત્માના માર્ગે લઈ જાય છે.**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

૧. શબ્દ કયાં સુધી ફેલાય છે?

**જ. એક શબ્દ બોલાય કે તરત ૧૪ રાજલોક સુધી ફેલાય છે.**

૨. પરમાત્મા પોતાના જ્ઞાનને કેવી રીતે પ્રગટાવે છે?

**જ. પરમાત્મા પોતાની સાધના દ્વારા ભીતરના જ્ઞાનને પ્રગટાવે છે.**

૩. ૩ એ ક્યા છે?

**જ. અહિંસા, અનેકાંત, અપરિગ્રહ.**

૪. ડૉ. શા માટે વહેલા જમવાનું કહે છે?

**જ. ભોજન સારી રીતે પચી શકે, જેથી વજન વધે નહિ અને બિમારી પણ આવે નહિ, તેથી ડૉ. વહેલા જમવાનું કહે છે.**

૫. વનસ્પતિમાં જીવ છે એવું ક્યા વૈજ્ઞાનિકે ક્યારે શોધ્યું?

**જ. આજથી લગભગ ૧૨૧ વર્ષ પહેલા ભારતીય વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝે શોધ્યું કે વનસ્પતિમાં જીવ છે.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નયસાર અને મુનિ ભગવંત વચ્ચે શું વાત થઈ?

**જ. નયસાર : આપ ભરબપોરે જંગલમાં ક્યાંથી? મુનિરાજ : અમે એક ગામથી બીજે ગામ જતા રસ્તો ભૂલી ગયા છીએ એટલે આ બાજુ આવ્યા છીએ. નયસાર : પહેલા આપ કૃપા કરીને ભિક્ષા ગ્રહણ કરો, પછી હું આપને રસ્તો બતાવીશ.**

૨. દેવ શેનું રૂપ લઈને આવ્યા? તે કેવા હતા?વાયુકાય અને વનસ્પતિકાયની દયા કેવી રીતે પાળવાની?

**જ. દેવ કબૂતર અને બાજનું રૂપ લઈને આવ્યા. તે મિથ્યાત્વી દેવ હતા. કારણ વગર પંખા ચાલુ ન રાખીને વાયુકાયની અને ફૂલ-પાન ન તોડીને વનસ્પતિકાયની દયા પાળવી જોઇએ.**

૩. પાર્શ્વકુમારે લોકોને શું કહ્યું? સર્પ મરીને શું બન્યા?

**જ. પાર્શ્વકુમારે લોકોને કહ્યું કે જે ધર્મમાં દયા નથી તે ધર્મ નથી. તેનાથી લાભને બદલે હાનિ થાય છે. ફક્ત કાયાને કષ્ટ આપવાથી તપ થઈ જતું નથી. સર્પ મરીને નાગકુમાર દેવોના ઈન્દ્ર ધરણેન્દ્ર અને ઈન્દ્રાણી પદ્માવતીરૂપે ઉત્પન્ન થયા.**

૪. અનાર્ય દેશ કોને કહેવાય? ત્યાં કોનો જન્મ થયો હતો? મિત્ર કેવા કરવા?

**જ. જ્યાં દેવ-ગુરુ-ધર્મ ન હોય, સંત-સતીજી ન હોય એટલે ધર્મનું કોઇ જ્ઞાન કે સાચી સમજ ન હોય તેને અનાર્ય દેશ કહેવાય. ત્યાં આર્દ્રકુમારનો જન્મ થયો હતો. જે ધર્મનો માર્ગ બતાવે, સાચો માર્ગ બતાવે તેને મિત્ર કરવા.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧) ધર્મને તો અમે જ જાણીએ. – **કમઠ ભગવાનને કહે છે.**

૨) મારી રક્ષા કરો. – **કબૂતર બનેલા દેવ મેઘરથ રાજાને કહે છે.**

(૧૦)

**પ્ર.૬ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. છત્રીસ **ગુણોથી શોભતા આચાર્ય દેવ છે, શાસનના વાહક એ તો અનુશાસક છે, સંઘનું સંચાલન કરતા** ધર્મદેવ છે.

૨. દયામય **જીવન જીવવું છે, પ્રેમથી સહુ સાથે રહેવું છે, શત્રુ નથી કોઇ મારો, વિશ્વમૈત્રી એ સંકલ્પ** અમારો.

૩. **ક્ષમાના ગુણ મહાવીર મુખે વારંવાર ગવાયા છે. ક્ષમા ગુણોથી શોભતા અર્જુનમાળી સહુમાં સવાયા છે. ક્ષમા મૈત્રીનું મૂળ છે, વેરભાવ** શૂળ છે.

૪. ક્રોધ **કદિ કરાય ના... ચંડકૌશિક કહે સૌને, ક્રોધ કરી સર્પ બનાય ના. ના ના ના રે ના ના માન કદિ કરાય ના... મરિચીજી કહે સૌને, માન કરી નીચ ગોત્ર** બંધાય ના.

**જય – જિનેન્દ્ર**